# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • અંક : ૧૬ • સળંગ અંક : ૧૧૯ • તા.૨૦ સપ્ટેમ્બર થી ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૦

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




## અચલગચ્છનાયક પરમ પૂજ્ય આચાર્ય
## શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની
## ચાતુર્માસ દરમ્યાન પ્રસંશનિય ધર્મ આરાધનાઓ



SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ઘરમશી

**-: કાર્યાલય :-**


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**


http://www.kdosm.org
Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/ મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# જીવન એટલે સંઘર્ષ અને સાહસનો સમન્વય

દરેક વ્યક્તિ ઘણીવાર દુ:ખ અને આપત્તિઓને હોય તેના કરતાં મોટું સ્વરૂપ આપી દે છે. હજી આવી નથી એ મુશ્કેલીઓને માટે મનોમન થડકાર અનુભવીએ છીએ. આ એક ડરપોકપણું છે, એક ભયભીત ભાવના છે. આ આદત આપણું દોષ બની જાય છે. જે પછી દિલમાં કાયમી ઘર કરી બેસી જાય છે. જેના લીધે આપણે નાહિંમત થઈ જઈએ છીએ આવનારી આફતો અને તેના પરિણામો આપણા મનને ચગડોળે ચડાવી દે છે અને તેના કારણે દુ:ખ ઘેરું બની જાય છે, હતોત્સાહ બની જાય છે. આ ડર, આ ભીતિ આપણને છીએ એ ઉંમર કરતાં વધુ વયસ્ક બનાવી દે છે. આ ભય નીડર વ્યક્તિને નિરાશ, હતાશ અને બેસહાય બનાવી દે છે. સંઘર્ષ સામે સામનો કરવાનું સાહસ આપણે ના ફોકટનું ગુમાવી દઈએ છીએ અને આખરે આપણે આપણું નુકસાન સ્વહાથે વહોરી લઈ છીએ.

જીવનમાં આશા નિરાશા તો આવવાની ને જવાની છે. પણ એને મન પર લઈએ તેને મનોમસ્તિક પર હાવી થવા દઈએ તો એ આપણી ભૂલ છે. જે પછીથી ભારી પડવાની છે. ન આવેલા કાલ્પનિક દુ:ખોની કાળી છાયા ડરામણી થઈને આપણી ઉપર સદાય છવાયેલી હોય છે. તેની સામે સંઘર્ષ અને સાહસથી સામનો કરવો જરૂરી છે. પણ, કાલ્પનિક ભયથી પોતાનો આત્મવિશ્વાસ ગુમાવી બેસીએ, નાસી પાસ થઈએ. ત્યારે આવી પરિસ્થિતિ લાંબો સમય ચાલે તો સ્વસ્થતા અને સંતુલન પણ ગુમાવી બેસીએ છીએ. હકીકતમાં જોઈએ તો મુશ્કેલીમાં દુ:ખ ભર્યા સમયમાં જ આપણને અંતરમાં ડોકિયું કરવાની અમૂલ્ય તક મળતી હોય છે. જીવનમાં આવતી સુખદ કે દુ:ખદ ઘટનાઓ કંઈકને કંઈ બોધ આપતી હોય છે. જેમ સોનું અગ્નિમાંથી પસાર થઈ શુદ્ધ બને છે. તેવી રીતે દુ:ખોથી વિકટ પરિસ્થિતિ સર્જાય છે. ત્યારે જ આપણી માનસિક તાકાતની જાણ આપણને થાય છે.

ઈચ્છેલું સુખ ક્યારે કોઈને સાંપડ્યું નથી. તન અને મનની તંદુરસ્તી જ યોગ્ય પણે હોય તો બધું સારું છે. જેનાથી જીવનમાં જે જડ્યું છે તેનો આનંદ મળે છે. સંસાર સારો સજીવપણે માણવાનો ઉમળકો આપે છે. જીવનની ઘટમાળમાં જે લખેલું છે. તે ઘટવાનું છે ગમે તેટલું આપણે ઈચ્છીએ કે ચાહે ન ઈચ્છીએ. આ ઉપર નીચે થવાનો ચક નિરંતર ચાલુ રહેવાનો છે. આફત અને આપતિમાં સ્વસ્થ મનથી સામનો કરી સંઘર્ષ કરી સફળ થવું જોઈએ. સાહસ ધરાવી મુશ્કેલીઓને હરાવવી જોઈએ. અસ્ત્ર શસ્ત્રથીને મનોવિજ્ઞાન તરીકાથી ધૈર્ય અને તટસ્થ ભાવથી બહાર નીકળવાનો રસ્તો શોધી કાઢવો જોઈએ. આ આપદાઓમાં નાસીપાસ થઈએ આત્મ વિશ્વાસ ખોઈ દઈએ કે સંતુલન ગુમાવી દઈએ તો જેટલો સંઘર્ષ સામનો અને સાહસ કરી જેટલી સફળતા હાંસલ કરી છે એ પણ વ્યર્થ જવાની છે.

સંઘર્ષ અને પડકારનો સામનો જિંદગીમાં સાહસ અને આત્મવિશ્વાસ રાખીને કરી શકાય છે. આ જિંદગીનો અરબ ગણિત છે. આ જીવન સંઘર્ષ સાથે સાહસના સમન્વયથી લડવા તૈયાર અને તત્પર રહેવું જોઈએ. સંઘર્ષમાં સાહસની ધાર નીકળે છે અને સાહસમાંથી સફળતા નિપજે છે.

– જય જ્ઞાતિમૈયા

# કોરોના કાળમાં કોની કસોટી થઈ?

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

કોરોનાનો અતિક્રમણ આપણા પર ઓચિંતું, અણધાર્યુ અને અણંચિત્યું આવ્યું. કોરોના પરિસ્થિતિ જે અચાનક આવી પડી એ સમજવા એ દાખલો આપી શકાય કે જેમ કચ્છમાં તા. ૨૬ જાન્યુઆરી ૨૦01 બુધવાર સવારે ૮.૪૬ મિનિટે ૭.૭ સ્કેલ મેગ્નીટ્યુડનો આંચકો જેમ ત્યાંના રહેવાસીઓની જિંદગીને બદલી દીધી. એ દિવસે બપોરનું જમવાનું પણ પોતાના ઘર રસોડામાં નસીબ ન થયું. રાય કે રંક સૌ તંબુમાં રહેતા અને અસ્થાઈ રાહત રસોડામાં જમતા થઈ ગયા. આવો જ કંઈ માહોલ દેશભરમાં કોરોનાએ સર્જી દીધો.

અડધી પડધી ઊંઘ કરી લુસ લુસ ભાગી લોકલ ટ્રેન પકડી રાતે ઘેર પહૌચનાર બે-છ માસ તો ઘરમાં જ ગોંધાઈ ગયો. તો અધિક અઢીમાસ સુધી રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર પગ નથી મૂકી શક્યો. વરિષ્ઠ વડીલો પણ સતત કોરોના સંક્રમણના ભયથી બિલ્ડીંગનો દાદરો પણ નથી ઉતર્યા. એ રીતે બાળકોની પરીક્ષા તેમનું ઉનાળું વેકેશન, બહારગામ જવાનો પ્લાન અને આઉટ ડોર ગેમ્સથી પણ વંચિત રહ્યા.

સૌથી વધુ કરૂણા ભરી દશા મહિલાઓની થઈ. ઘરના બાળકો, પુરૂષો, વડીલો ઘરમાં જ હોવાથી તેમની સરભરામાં જ સમય ક્યાં પુરો થઈ ગયો તેની ગત ન પડી. મેઈડ, ઘર નોકરાણીની ગેરહાજરી નો તનાવ, ઘરકામનો અધિક બોજ અને દુકાન-બજારો બંધ વચ્ચે ચીજ વસ્તુઓની તંગીમાં દિવસભરનું મેનું ને મેનેજ કરવાની તાણ, પ્રોફેશનલ મહિલાઓને વળી વર્ક ફ્રોમ હોમ અને વર્ક ફોર હોમ વચ્ચે બેલેન્સિંગ કરવાનો સ્ટ્રેસ વચ્ચે સૌ સભ્યોનો સતત મળેલ સાંનિધ્યને તેણે મન પૂર્વક માણી. હસતાં હસતાં આ સમયકાળને જીવી જાણ્યું.

ઘરના દરેકે દરેક નાના મોટા, ટીવી, મોબાઈલ, ઈન્ટરનેટના સહાયથી સમય પસાર કરતાં રહ્યાં. વોટ્સ એપ, ફેસબુક, ઈન્સટ્રાગ્રામના ઉપયોગથી સૌની સાથે કનેક્ટ રહ્યાં. આમ કોરોના કાળ કપરો છતાં કંઈને કંઈ શીખવતો ગયો. આ અનુભવ સૌની યાદમાં રહેશે સમય સાથે સૌએ બદલવું પડે છે. એ શીખ કોરોના વાયરસએ આપણને શીખવી.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# અચલગચ્છનાયક પ.પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની ચાતુર્માસ દરમ્યાન પ્રસંશનિય ધર્મ આરાધનાઓ





પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.નો શ્રી અચલગચ્છ જૈન સંઘ-મુલુંડ (પૂર્વ)માં ચાતુર્માસ પ્રવેશ

શ્રી અચલગચ્છ જૈન સંઘ-મુલુંડ (પૂર્વ)માં ચાતુર્માસ બિરાજીત શાસન સમ્રાટ, ભારત દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. તથા તપચક્ર ચક્રવર્તી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની દિવ્યકૃપા-દિવ્યાશિષથી સાહિત્ય સમ્રાટ, સૂરિમંત્ર પંચપ્રસ્થાનારાધક, અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., દક્ષિણ રત્ન પૂ.મુનિશ્રી ધર્મપ્રભસાગરજી મ.સા., મધુર પ્રવક્તા પ.પૂ.મુનિશ્રી મુક્તિરત્નસાગરજી મ.સા. આદિ ઠાણા-૯ની નિશ્રામાં પ્રવેશથી અનેક વિધ અનુષ્ઠાનો કોવિડ-૧૯ મહામારીને ધ્યાનમાં રાખી સુંદર રીતે આયોજન સંપન્ન થયા.





પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. દ્વારા ૧૬ દિવસીય સૂરિમંત્રારાધના

**૧૬ દિવસીય સૂરિમંત્રારાધના :** પૂ.અચલગચ્છ નાયક પૂ.સૂરિદેવશ્રીએ આચાર્ય પદ પ્રાપ્ત ૩૨ વર્ષથી નિત્ય દર વર્ષે ૧૬ દિવસીય સૂરિમંત્રની આરાધના અત્રે પ્રવેશે સુખાકારી રીતે આરાધના સહ પૂર્ણ કરી.





અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની ગુણાનુવાદ સભા

# પ.પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની ચાતુર્માસ દરમ્યાન ધર્મ આરાધનાઓ





અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની દેવવંદન વિધિ

**પૂ.ગચ્છાધિપતિ આ.ભ.શ્રી ની વિદાય :** દેવવંદન:ગુણાનુવાદ: શ્રાવણ સુદ-૬ શનિવાર માસધરના મધ્યરાતે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના દેવલોક કાલધર્મના સમાચાર પ્રાપ્ત થતાં રાતથી જ શોકમય વાતાવરણ છવાયું હતું. વહેલી પ્રભાતે શ્રાવણ સુદ ૭ના ૮.30 સામુહિક દેવવંદન લાઈવ પ્રસારણ પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં ચતુર્વિધ સંઘ સાથે સંપન્ન થયા. પૂ.આ.ભ.શ્રી એ સંક્ષિપ્તમાં ગદ્ગદીત ગુણાનુવાદ હૈયે કરેલ. શ્રી પ્રેમચંદભાઈ બૌઆ એ શ્રી અચલગચ્છ જૈન સંઘ મુલુંડ (પૂર્વ) તરફથી શ્રદ્ધાંજલી અર્પણ કરેલ. બપોરના ૪.30 કલાકે શ્રી અખિલ ભારત વિધિપક્ષ (અચલગચ્છ) શ્વે.મૂ.સંઘ દ્વારા કચ્છ ૭૨ જિનાલય તીર્થે ગચ્છનાયક પદની ઘોષણા બાદ મુલુંડ પૂર્વ મુકામે પણ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ને 'અચલગચ્છ નાયક' ઉદ્‌ઘોષિત કરવામાં આવ્યા. ઉપસ્થિત શ્રી અ.ભા.અ. સંઘ પદાધિકારીઓએ શ્રી ક.વિ.ઓ.દે.જૈન મહાજન, શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન, રાજસ્થાન અ.સંઘના ગુર્જર સમાજના પ્રતિનિધિઓએ પૂજ્યશ્રીને ગુરુવંદના કરી વધાવેલ હતા.

શ્રાવણ સુદ-૧૦ તા.30-૭-૨૦૨૦ના શ્રી અખિલ ભારત વિધિપક્ષ (અચલગચ્છ) શ્વે.જૈન સંઘ દ્વારા મુંબઈ મુકામે શ્રી અચલગચ્છ જૈન સંઘ-મુલુંડ (પૂર્વ)ના સથવારે અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. પૂ.મુનિશ્રી ધર્મપ્રભસાગરજી મ.સા., પૂ.મુનિશ્રી ઉદયરત્નસાગરજી મ.સા., પૂ.મુનિશ્રી મુક્તિરત્નસાગરજી મ.સા., પૂ.મુનિશ્રી મેઘરક્ષિતસાગરજી મ.સા. આદિ ઠાણા તથા મુલુંડ (વે)થી પધારેલ સા.શ્રી કલ્પપ્રિયાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૨ની નિશ્રામાં શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે.જૈન સંઘ, શ્રી કચ્છી વિસા ઓસવાલ દેરાવાસી જૈન મહાજન, શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન, શ્રી અખિલ રાજસ્થાન અચલગચ્છ જૈન સંઘ તથા શ્રી સકલ ગુર્જર જૈન સંઘ, અચલગચ્છ જૈન સમાજ મુલુંડ, અચલગચ્છ જૈન સંઘ મુલુંડ (પૂર્વ), કોટડા (રોહા) જૈન મહાજન, ગઢશીશા જૈન મહાજન, શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠના અધિકારીઓ અને અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના સંસારી પરિવારજનોની ઉપસ્થિતિમાં ગુણાનુવાદ સભાનું આયોજન થયેલ. પૂ.અચલગચ્છ નાયક આ.ભ.શ્રી, મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મેઘરક્ષિતસાગરજી મ.સા. તથા ઉપસ્થિત સંઘોના પ્રતિનિધિઓએ ગુણાનુવાદ કર્યા. સંચાલન શ્રી કચવન્ન-જય નંદુએ સંગીત પાર્ટી સાથે કર્યું. અંતે પુષ્પાંજલી કરી કાર્યક્રમ પૂર્ણ થયું. સકલ સંઘોને ત્યાહ્નિકા મહોત્સવ માટે કહેવામાં આવ્યું. પ્રથમ દિવસે સ્નાત્ર પૂજા-દ્વિતીય દિવસે ૧૦૮ વાર શાંતિનાથ પ્રભુજી અભિષેક અને તૃતિય દિવસ સામાયિક સહ જાપ અભિયાન માટે પ્રેરણા અપાઈ. દરેક સંઘો-મહાજનોએ તથા ઘરે ઘરે સુંદર રીતે આરાધનાઓ કરાઈ.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| ૫ા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# પ.પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની ચાતુર્માસ દરમ્યાન ધર્મ આરાધનાઓ




અચલગચ્છ નાયક પ.પૂ.આ.ભ.કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. નિશ્રાએ પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની આરાધના

**સમયાનુસાર પર્યુષણારાધના :** અચલગચ્છ નાયક પ.પૂ.આ.ભ.કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. નિશ્રાએ પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની આરાધના ખૂબ સુંદર રીતે થઈ. પૂ.આ.ભ.શ્રીની આજ્ઞાથી પંડિતવર્ય શ્રી પ્રેમચંદભાઈ બૌઆ એ શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘ અને શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વ જ્ઞાન વિદ્યાપીઠના માધ્યમે અષ્ટાહ્નિકા-કલ્પસૂત્ર ગુજરાતી ભાષાંતરનું વાંચન કરેલ. સમસ્ત અચલગચ્છીય સંઘો/મહાજનો અને ઘરે ઘરે આરાધકો માટે લાઈવ પ્રસારણ કરવામાં આવેલ. પોથી પધરાવવાનું, ઘોડિયા પારણું પધરાવવાનું, ૧૪ સ્વપ્નોત્સવ અને શાલિભદ્ર ભંડાર સહ વાર્ષિક પૂજા સામગ્રીના આદેશો અપાયા. સંઘમાં ઉત્સાહથી સર્વે જોડાયા. મુનિરાજ શ્રી હેમચંદ્રસાગરજી મ.સા. સમવાયાંમ સૂત્ર વર્ષી તપ સાથે, મુનિશ્રી રાજશેખરસાગરજી મ.સા. આચારાંગ સૂત્ર (એકાંતરા આયંબિલ), મુનિશ્રી ધર્મશેખરસાગરજી મ.સા. એકાંતરા ઉપવાસથી ઉત્તરાધ્યયન આચારાંગ સૂત્રના યોગાદ્વહન અને નૂતન બાલમુનિ શ્રી કૌશલ્યપ્રભસાગરજી મ.સા.ની અઠાઈ તપારાધના થયેલ. તપસ્યામાં ૩૧ ઉપ.૧, ૧૧ ઉપ.૧, ૯ ઉપ.૪, ૮ ઉપ.૪૦, ૭૦ વર્ષીતપ તપસ્વીઓ હતા. તપસ્વીઓના પારણા સંઘ મધે કરાવવામાં આવેલ.




પ.પૂ.આ.ભ.કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. નિશ્રાએ મર્યાદિત સંખ્યાપૂર્વક ચૈત્યપરિપાટી

**મર્યાદિત સંખ્યાપૂર્વક ચૈત્યપરિપાટી સંઘો :** શ્રી અચલગચ્છ જૈન સંઘ મુલુંડ (પૂર્વ)માં બિરાજિત શ્રી સુમતિનાથ દાદા તથા પૂ.અચલગચ્છ નાયક આ.ભ.શ્રીના દર્શન-વંદનાર્થે કોવિડ-૧૯ અનલોક ૫ના સૂચના પ્રમાણે દરેક સંઘના અધિકારીઓ ૫ થી ૭ પ્રતિનિધિઓ સંઘની વ્યવસ્થા મુજબ પધારે છે. સંઘોનું ઉચિત બહુમાનને સાધર્મિક ભક્તિ કરાવવામાં આવેલ.

**પૂ.ગચ્છાધિપતિ આ.શ્રીની ૮૯મી જન્મતિથિ :** ભાદરવા સુદ-૧૫ મંગળવાર તા.૧-૯-૨૦૨૦ના શાસન સમ્રાટ, કાલિકાલ કલ્પતરૂ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની પાટે ૭૭માં પ્રતાપી પટ્ટધર, તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજાની ૮૯મા જન્મતિથિનું શ્રી અચલગચ્છ જૈન સંઘ મુલુંડ (પૂર્વ) દ્વારા આયોજન અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા-૯ની નિશ્રામાં કરવામાં આવેલ. શ્રી અ.ભા.વિધિપક્ષ જૈન સંઘ, શ્રી ક.વિ.ઓ.દેરાવાસી મહાજન, શ્રી ક.દ.ઓ.મહાજન,

# પ.પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની ચાતુર્માસ દરમ્યાન ધર્મ આરાધનાઓ





તપસ્વી સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની ગુણાનુવંદના

શ્રી અખિલ રાજસ્થાન અચલગચ્છ સંઘને વિવિધ સંઘો-મહાજનોના પ્રતિનિધિઓ સહ શ્રી અચલગચ્છ જૈન સંઘ મુલુંડ (પૂર્વ)ના ચાતુર્માસિક હીરક સુવર્ણ સંઘ દાતા પરિવારોની ઉપસ્થિતિમાં પંડિત-શ્રાદ્ધવર્ય-વિધિકાર શ્રી કેવલભાઈ સાવલાના સંચાલને ૮૯મી જન્મતિથિ ભવ્યતાથી ઉજવવામાં આવેલ. પૂ.અચલગચ્છ નાયક આ.ભ.શ્રી, મુનિશ્રી હેમચન્દ્રસાગરજી તથા પધારેલ સંઘોના પ્રતિનિધિ અને પ્રેમચંદભાઈ બૌઆ, રતનલાલ વડેરા તથા હેમચંદભાઈ ગડા સહિત ગુણાનુમોદન પૂર્વ સંસ્મરણ કરેલ. કેવલભાઈ સાવલાએ સુંદર રીતે જીવન કવન કહી ગુણાનુમોદન કરેલ. અંતે ગુરૂપૂજન સૌ ગુરુભક્તો દ્વારા કરાયું.





પૂ.આ.ભ.વીરભદ્રસાગરસૂરિજી મ.સા.ની દેવવંદન વિધિ

**પૂ.આ.ભ.વીરભદ્રસાગરસૂરિજીના કાલધર્મ : દેવવંદન :** ગુણાનુમોદના : ભાદરવા વદ-૪ શનિવાર તા.૫-૯-૨૦૨૦ના બપોરના મધ્યાહ્ને ૧૨.૩૯ કલાકે કચ્છ શત્રુંજ્યાવતાર શ્રી ૭૨ જિનાલય તીર્થે સળંગ ૫૪-૫૪ વર્ષીતપારાધક, તપસ્વી સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના વિદાયના ૪૨માં દિવસે તેમના શિષ્ય જ્યોતિષાચાર્ય, શાસન પ્રભાવક પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા. કાલધર્મ પામ્યા. સમાચાર મળતાં પૂ.અચલગચ્છ નાયક આ.ભ.શ્રી સહ સમસ્ત ચતુર્વિધ સંઘમાં શોકનું ફરી વાતાવરણ છવાઈ ગયું હતું. શ્રી અચલગચ્છ નાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં શ્રી અચલગચ્છ જૈન સંઘ-મુલુંડ (પૂર્વ) દ્વારા લાઈવ પ્રસારણથી દરેક સંઘો-મહાજનો ઘરે ઘરે રહી દેવ વંદન વિધિ કરવામાં આવી. ત્યારે પૂ.અચલગચ્છ નાયક આ.ભ.શ્રી એ સંક્ષિપ્ત ગુણાનુવાદ કર્યા. પોતે સહ દીક્ષિત હોવાથી વિશેષ શોક ગર્ભિત બન્યા હતા. પાલિતાણા બિરાજમાન તેમના સંસારી ભ્રાતા સરળ સ્વભાવી પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. કચ્છ ૭૨ જિનાલય તીર્થે મુનિરાજશ્રી રાજરત્ન-પ્રિયંકરસાગરજી મ.સા.સાથે વાતચીત કરી અરસ પરસ શોક વહેંચી મનને સાંત્વન કરેલ.

# પ.પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની ચાતુર્માસ દરમ્યાન ધર્મ આરાધનાઓ





પ.પૂ.આ.ભ.કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. નિશ્રાએ પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની ધર્મ આરાધના

ભાદરવા વદ-૭ મંગળવાર તા.૮-૯-૨૦૨૦ના શ્રી અખિલ ભારત વિધિપક્ષ (અચલગચ્છ) શ્વે.સઘ દ્વારા આયોજીત શ્રી અચલગચ્છ જૈન સંઘ-મુલુંડ (પૂર્વ)ના સથવારે જ્યોતિષાચાર્ય પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ની ગુણાનુવાદ સભાનું આયોજન અચલગચ્છ નાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., પૂ.મુનિ શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા., થાણાથી પૂ.મુનિ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. તથા પૂ.સા.શ્રી કલ્પપ્રિયાશ્રીજી મ.સા.આદિ ઠા.ની નિશ્રામાં તથા શ્રી અખિલ ભારત વિધિપક્ષ (અચલગચ્છ) જૈન સંઘ, શ્રી ક.વિ.ઓ.દેરાવાસી જૈન મહાજન, શ્રી અચલગચ્છ જૈન સમાજ મુલુંડ, શ્રી અચલગચ્છ જૈન સંઘ-મુલુડ (પૂર્વ) રાયણ-જખૌ તથા સંસારી પરિવાર સહિત આદિ સંઘોના પદાધિકારીઓ, પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેલ અને ગુણાનુમોદન કરેલ. પૂ.અચલગચ્છનાયક શ્રી તથા મુનિ શ્રી ઉદયરત્ન, હેમચંદ્ર-ગુણવલ્લભસાગરજી એ ગુણાનુમોદન કરેલ. કાર્યક્રમ સંચાલન શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ સંઘના મહામંત્રી પ્રવિણભાઈ લોડાયાએ સુંદર કર્યું, અંતે સૌએ ગુરુપૂજન કર્યું.



શ્રી અચલગચ્છ જૈન સંઘ-મુલુંડ (પૂર્વ)માં અચલગચ્છ નાયક શ્રી ના પ્રવેશથી લઈ દરેક લાઈવ પ્રસારણની વ્યવસ્થા અમિતભાઈ બૌઆ કરતા આવ્યા છે. ફોટોગ્રાફી નયનભાઈ ગડા, મેનેજીંગ ટ્રસ્ટી હેમચંદભાઈ ગડા, પ્રેમચંદભાઈ બૌઆ, વિજયભાઈ દેઢિયા, વીરચંદભાઈ શાહ, ધીરજભાઈ છેડા, જિગ્નેશભાઈ દેઢિયા, રાહુલભાઈ ધુલ્લા ટ્રસ્ટ મંડળની સેવા વ્યવસ્થા સરાહનીય છે. પ્રવિણભાઈ સાવલાની પ્રભુ ભક્તિ પૂર્ણ દિવસ વીરચંદભાઈ શાહ સાથે વૈયાવચ્ચમાં ખડેપગે સેવા આપી ધન્ય બની રહ્યા છે.




SPECIAL OFFER For Limited Period
BUY 1 SAREE & GET 1 SAREE FREE
VIPULA
Shop No.60, 1st Lane, Centre Point Shopping Centre,
Sevaram Lalwani (S.L.) Road, Mulund West.
Contact - 7021814460, 9503565400

# મુલુંડ (પૂર્વ) સંઘમાં પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના આત્મશ્રેયાર્થે સ્નાત્રપૂજા યોજાઈ



મુલુંડ (પૂર્વ) સંઘમાં પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ના આત્મ શ્રેયાર્થે તા. ૯ સપ્ટેંબર બુધવાર દિને વિધિકાર પ્રવીણભાઈના સથવારે સ્નાત્ર પૂજાનું આયોજન કરાયેલ. જેમાં સંઘના શ્રાવક શ્રાવિકાઓ ભાવ ભક્તિ સાથે જોડાઈ પૂજ્યશ્રી પ્રત્યેનો પોતાનો આદરભાવ દર્શાવ્યો હતો. તથા ધર્મ આરાધનાઓમાં ભાગ લીધો હતો.

# રાયધણજર ગામે ગુણાનુવાદ સભા યોજાઈ

કચ્છ રાયધણજર ગામે પ.પૂ.સાધ્વીશ્રી નમ્રગુણાશ્રીજીની નિશ્રામાં પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સાની ગુણાનુવાદ સભા યોજાઈ. જેમાં વિધમાન મ.સા. અને સંઘના શ્રાવકોએ પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ના જ્ઞાન ગુણ અને સંઘ શ્રાવક શ્રાવિકોને આપેલ ધર્મ ભાવના ગુણોને ગાઈ આદરાંજલિ અર્પી હતી.




**સમસ્ત મહાજન અને જ્ઞાતિના આદરણીય શ્રેષ્ઠીવર્ય શેઠ શ્રી તિલોકચંદ નરશી દંડની જીવન ગાથા જ્ઞાતિમૈયા માં**

**આ વિશેષ જીવન ગાથા માટે**

**શેઠ શ્રી તિલોકચંદભાઈને**

**આપની શ્રધ્ધાંજલિ, ભાવાંજલિ, આદરાંજલિ, સ્મરણાંજલિ તથા આપની સાથેનું સંભારણનું શુક્રવાર ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૦ સુધી મોકલો.**

**આપ આપની જાહેરાત પણ આપી શકો છો**

**કલર ફુલ પેજ રૂા.૮૦૦/- • કલર હાફ પેજરૂા.૫૦૦/-**

Manisha Lalka - 9820545734 • Varsha Lodaya - 9833072879

Email : gyatimaiya2018@gmail.com

# ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપમાં પર્યુષણ મહાપર્વની ઉજવણી ધામધૂમપૂર્વક કરાઈ

શ્રી ક.દ.ઓ.જૈન ભાંડુપ સંઘમાં શ્રી આદિનાથ દાદાની શીતલછાયામાં શ્રી અચલગચ્છાધિપતિની આજ્ઞાનુવર્તીની, શ્રી અચલગચ્છ નાયકના શુભ આશીષથી પ.પૂ.સા.શ્રી જ્ઞાનગુણાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની ઉજવણી કોરોના મહામારીના કપરા કાળ હોવા છતાં અનોખી છતાં અદ્‌ભૂત રીતે થઈ.





રોજ સવારના વર્ધમાન શક્રસ્તવ દ્વારા અખંડ ધારા અભિષેક આદિનાથ જિનાલયે રોજ બે જણ લાભાર્થી પરિવાર આઠ દિવસ લાભ લીધેલ. શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ, શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડો દ્વારા જિગીષા રાંભિયાના સથવારે ૩ દિવસે દરરોજ રાતે ભક્તિ ભાવનાનું આયોજન ભાંડુપમાં આદિનાથ દાદાના દરબારે કરાયું હતું. જેમાં આઠ હજાર લોકો રોજે રોજ યુટ્યુબ દ્વારા જોડાઈ લાઈવ પ્રસારણ નિહાળી ધન્યતા અનુભવી હતી.

કલ્પસૂત્ર પોથીનો ચડાવો વોટસએપ દ્વારા લેવાયો જેમાં દસ હજાર એક મણમાં સમાયા નિવાન નયન લોડાયા બાંડિયાવાળા પરિવારે એ લીધેલ. રોજ સવારના ૪ જણાની હાજરીમાં કલ્પસૂત્રનું વાંચન રાબેતા મુજબ કરાયું. સ્વપ્ન દર્શન યુટ્યૂબના માધ્યમથી સર્વેને માટે લાઈવ ટેલિકાસ્ટ થયું અને ચડાવા વોટસએપ પર સવા લાખ મણ સાથે પુણ્યશાળી પરિવારોએ લાભ લીધા હતા.

મહાવીર પ્રભુનું પારણું પંદર હજાર એક મણમાં કિજલ ભાવીન લોડાયા બાંડિયાવાળા પરિવારએ પધરાવવાનો લાભ લીધેલ. બારસૂત્ર જે વ્યક્તિ એક એક અક્ષર બરાબર સાંભળે એનો ૮મા ભવે મોક્ષ થાય. એવા આ પવિત્ર ગ્રંથનો ચડાવો એકવીસ હજાર એક મણમાં તારાબેન હીરાચંદ નાગડા બાંડિયાવાળાએ લાભ લીધો. બારસૂત્ર વાંચનનો લાઈવ પ્રસારણ યુટ્યૂબ પર કરાયું જેને દેશ-વિદેશના અગ્યાર હજારથી વધુ શ્રાવક-શ્રાવિકોએ ઘરે બેઠા એક એક અક્ષર બરાબર સાંભળ્યો અને લાભ લીધો હતો.

પ.પૂ.સાધ્વીજી જ્ઞાન ગુણાશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં ભાંડુપમાં પહેલીવાર ૨ માસક્ષમણ થયા અને ૨૩ અઠાઈ કોરોના કાળ હોવા છતાં શાંતાપૂર્વક થયા. જ્યારે આખી દુનિયા વિચારતી હતા કે આ પવિત્ર મહાપર્વમાં ધર્મ આરાધનાઓ કંઈ રીતે કરશું. ત્યારે ભાંડુપ નગરે રોજ સવારના પાંચ વાગ્યાથી ૯ વાગ્યા સુધી દાદાની પૂજા લાઈનથી બધાને કરવા મળી અને ઘણી મુલુંડથી પણ પુણ્યશાળીઓએ લાભ લીધેલ.

ભાંડુપ નગરે દર વરસની જેમ જ મહાપર્વની ઉજવણી ધામધૂમપૂર્વકથી કરવામાં આવી. આ વરસે સોશિયલ મિડીયાને સહારે અદ્‌ભૂત, અનન્ય અને આનંદ મંગલ માહોલ અવિસ્મરણીય રીતે થઈ.

મુંબઈ મહાજન ધાર્મિક સમિતિ તથા શ્રી ક.દ.ઓ.જૈન સંઘ, ભાંડુપ

# ૬૦ સંઘોમાં ૨૮ વર્ષથી અમાવસ્યા દિવસે થતી શ્રી ગુણસાગરસૂરી પૂજા

છેલ્લાં ૨૮ વર્ષોથી અચલગચ્છના ૬૦ સંઘોમાં દર માસના અમાવસ્યાના દિવસે પ.પૂ.શ્રી સર્વોદયસાગરજી મ.સા. દ્વારા રચિત શ્રીગુણસાગરસૂરિ ગુરૂ પૂજાના ભાવો ઉલ્લાસપૂર્વક પઠન કરનારી સંઘોના મહિલા મંડળો તથા પૂજા મંડળોની આસ્થાળું શ્રાવિકા બહેનોના ગુરૂ ભક્તિના ભાવ બદલ હૃદયપૂર્વકની અનુમોદના. આવી જ ગુરૂ ભક્તિની ગૂંજ સદૈવ થતી રહે.

# ભાવભરી શ્રદ્ધાંજલિ



જન્મ :
તા.૧૦-૧૨-૧૯૪૮

સ્વર્ગવાસ :
તા.૬-૯-૨૦૨૦

## સ્વ.દિનેશ પદમશી લોડાયા (ઉ.વ.૭૧)

**ગામ : સાંયરા, હાલે મુલુંડ**

**અમારા પરિવારના ઉપકારી ગુરુમાતા પ્રવર્તિનિ મહત્તરા**
**મુખ્યા સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મહારાજ સાહેબ (આશિર્વાદ)**

*પરિવાર પ્રત્યે પ્રેમ રાખી ધર્મમય વારસાનું સીંચન કર્યું, પરિવારને પ્રેમ તાંતણે બાંધ્યા,*
*કુટુંબ વાત્સલ્ય, પરમમાં શ્રદ્ધા, સર્વ પ્રત્યે પ્રેમ, દયા,*
*કરુણા અને બીજાને કાજે કંઈક કરી છૂટવાની આપની*
*ઉદાર ભાવના અમને પ્રેરણા આપ્યા કરશે... અમને ગર્વ છે આપના પરિવાર હોવાનો*

ઈશ્વર આપની આત્માને પરમ શાંતિ આપે અને મોક્ષગામી બનાવે એ જ અંતઃકરણપૂર્વક પ્રાર્થના

### શોકાતુર

**પત્ની** : મધુબેન દિનેશ લોડાયા
**માતા-પિતા** : તારાબાઈ પદમશી લોડાયા
**સાસુ-સસરા** : સોનબાઈ વિસનજી મોમાયા
**પુત્રી** : વૈશાલી • મમતા • હિરલ • તોરલ
**જમાઈ** : વિજય ધરમશી • દિપક પાંડે • ચેતન પટેલ • દિપક મહેતા
**દોહિત્ર-દોહિત્રી** : આકાશ • સ્મિત • રૂચી • પ્રેમ • જેનીશ

## પદમશી ચત્રભુજ લોડાયા પરિવાર અને વિસનજી દામજી મોમાયા પરિવાર

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) દ્વારા ગુણાનુવાદ સભા








શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) દ્વારા મંગળવાર તા.૮ સપ્ટેમ્બરના સવારના ૧૦.૩૦ વાગે મુલુંડ ઈસ્ટ અચલગચ્છ જૈન મંદિરના ઉપાશ્રયમાં ભારત દિવાકર શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસુરિશ્ચરજી મ.સા.ના પટ્ટધર જિનશાશન શિરોમણી તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્ચરજી મ.સા.ના શિષ્ય જ્યોતિષાચાયે મંત્રવિશારદ જોશીલા પ્રવચનકાર પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા. પાવનકારી નિશ્રા રાજસ્થાન દિપક અચલગચ્છ નાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. પ્રથમ ગુરૂવંદન બાદ પ.પૂ.આ.ભ.કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના પ્રાસંગિક પ્રવચન માં સંસ્મરણો ને યાદ કર્યા તેમની યાદગીરી નિમિત્તે સકળ સંઘોમાં તથા લોકડાઉનને ધ્યાનમાં રાખી ઘરે સ્નાત્ર પુજા તથા વધુમાં વધુ જાપ તપસ્યા કરવાનું કહેવામાં આવ્યું.

પ.પૂ.મુનિરાજ શ્રી ઉદયરત્ન સાગરજી મ.સા.ગીત ગાઈને અને મુનિરાજ શ્રી ગુણવલ્લભ,અને મુનિરાજ શ્રી હેમચંદ્ર સાગરજી એ પણ પ્રાસંગિક પ્રવચનોમાં શબ્દાંજલી અર્પણ કરી. કાર્યક્રમનું સંચાલન પ્રવીણભાઈ લોડાયાએ કર્યું.

ક.દ.ઓ.જ્ઞાતિ મહાજન મુંબઈ તથા અનંતનાથજી દેરાસર તથા તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ વતી અને ધાર્મિક સમિતિ કન્વીનર મનોજભાઈ લોડાયા અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) રતનલાલજી વઢેરા જખૌ મહાજન જીતેન્દ્ર ભાઈ મૈશેરી અચલગચ્છ સંઘ મુલુંડ પૂર્વ પ્રેમચંદભાઈ બૌઆ એ પ્રાસંગિક શ્રધ્ધાંજલી આપી.

# મુલુંડ (પૂર્વ) સંઘમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૩૨મી પુણ્યતિથિ દિવસે ગુરૂ પૂજન કરાયું

તા.૧૭ સપ્ટેમ્બર ગુરૂવાર દિને અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૩૨મી પુણ્યતિથિના બીજા દિવસે શ્રી અચલગચ્છ જૈન સંઘ મુલુંડ પૂર્વ મધે અચલગચ્છ નાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં અચલગચ્છ ૧૦૮ ગુરૂદેવનું પૂજન થયું. આ ધર્મ આરાધના વિધિ યુટ્યૂબ ઉપર લાઈવ રીતે સંઘના સૌ ઘરે બેઠા નિહાળીને લાભ લીધો હતો. આ બે કલાકની ધર્મ આરાધના નિહાળવા માટેની લીંક છે https://youtu.be/6wVs1sLrv5M.

## રાયધણજર સંઘમાં રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિની ૩૨મી પુણ્યતિથિ નિમિત્તે ગુણાનુવાદ સભા



તા.૧૬ સપ્ટેમ્બર બુધવારના દિવસે કચ્છના રાયધણજર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી નમ્રગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિની ૩૨મી પુણ્યતિથિ નિમિત્તે ગુણાનુવાદ સભાનું આયોજન કરાયેલ. પ.પૂ.સાધ્વીજી, વિધિકાર કેશવજીભાઈ ગડા તથા અન્ય વક્તાઓએ પોતાના સંસ્મરણો રજૂ કરી ગુરૂ વંદના કરી હતી. આ સંઘમાં ૨૩૧ વર્ષ પ્રાચીન જિનાલય આ ગામમાં ઉન્નત શિખરનું શોભી રહ્યું છે અને જિનશાસનની પતાકા ફરકાવી રહ્યું છે.






# શ્રદ્ધાંજલિ



સજ્જનતા તમારી સુવાસ હતી,
પ્રસન્નતા તમારૂં જીવન હતું,
પરોપકાર તમારૂ રટણ હતું,
સત્યકાર્ય તમારી શોભા હતી,

એક સેવાભાવી નીસ્વાર્થ વ્યક્તિત્વ અને કર્મનિષ્ઠ પુણ્યાત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના સાથે પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ સમર્પિત કરીએ છીએ...

## સ્વ. રાયચંદ રતનશી નાગડા

(ગામ – નલિયા, હાલ પુના)

સ્વર્ગવાસ - તા.૫-૯-૨૦૨૦

-: શોકાતુર :-

**માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર**

**રાપરગઢવારી–અબડાસા–કચ્છ**

# અમદાવાદ સંઘમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીની ૩૨મી પુણ્યતિથિ દિને ધર્મ આરાધનાઓ કરાઈ

તા.૧૬ સપ્ટેમ્બર બુધવાર રોજે અમદાવાદ સંઘમાં પ.પૂ. સાધ્વીશ્રી ભવ્યગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણસાગરસૂરિની ૩૨મી પુણ્યતિથિ નિમિત્તે ત્રણ દિવસીયના મહોત્સવના પ્રથમ દિને ગુરૂપૂજાનું ભવ્ય આયોજન સંઘના શ્રાવક-શ્રાવિકાઓ દ્વારા થયેલ અને સૌએ ઉત્તમ રીતે ધર્મ લાભ લઈ ગુરૂવંદના કરી હતી.



## પાલીતાણા મહાતીર્થ પ.પૂ.આ.ભ.વીરભદ્રસાગરસૂરિશ્વર મ.સા.ની ગુણાનુવાદ સભા

કચ્છના બોંતેર જિનાલય તીર્થે તા. ૫ સપ્ટેંબર શનિવારના કાળધર્મ પામેલા પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ની ગુણાનુવાદ સભા પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં આયોજન કરાઈ. પૂજ્ય મ.સા.એ અને ગુરૂભક્તોએ સદ્‌ગતપૂજ્ય મ.સા.ના ઉત્તમવાણી વિચાર અને ધર્મ વ્યાખ્યાન દ્વારા થયેલ લાભના ગુણગાન ગાઈ યાદ કર્યા હતા.



# ફુલ ખીલે ગુલશન ગુલશન




લોડાયા પરિવાર
માતા - નેહા
પિતા - વિનીત
ગામ - કોઠારા
હાલ - ખામગામ
જન્મ - ૨૯-૮-૨૦૨૦



જીવીકા

નાગડા પરિવાર
માતા - જલ્પા
પિતા - કેવલ
ગામ - નલિયા
હાલ - વાપી
જન્મ - ૨૫-૮-૨૦૨૦





નયન

## શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘ દ્વારા શાસન સમ્રાટ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૩૩મી પુણ્યતિથિ નિમિત્તે સામૂહિક અઠ્ઠમ તપની આરાધના

શ્રી અખિલ ભારત અચલગચ્છ શ્વેતામ્બર જૈન સંઘ આયોજિત શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ, પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૩૩મી પુણ્યતિથિ દિન નિમિત્તે સામૂહિક અઠ્ઠમ તપની આરાધના ભાદરવા વદ અમાવસ્યાથી અધિક આસો સુદ બીજ તા.૧૬, ૧૭ અને તા.૧૮ સપ્ટેમ્બર બુધવાર, ગુરૂવાર અને શુક્રવારના જેમાં ભારતભરના એક હજાર તપસ્વીઓની અઠ્ઠમ તપની પ્રભાવનાનો લાભ લેવાનો અમૂલ્ય અવસર પ્રાપ્ત થશે. જેનો નકરો માત્ર રૂા.૨૫ હજાર.

શ્રી સંઘો, મહાજનો, સંઘ શ્રેષ્ઠીઓ અને સદ્‌ગૃહસ્થો આ અલભ્ય તકને ઝડપી લઈ આપનું નામ સત્વરે નીચે આપેલ વ્યક્તિઓ પાસે નોંધાવી લેવા. ભાગ્યશાલીઓના નામોની અનુમોદના વિવિધ માધ્યમથી કરવામાં આવશે.

સંપર્ક ટ્રસ્ટી જીતુભાઈ વોરા-૯૮૬૯૯૯૯૩૪૬, માનદમંત્રી વિનોદભાઈ ગંગર-૯૩૨૧૧૬૨૦૧૩ તથા માનદમંત્રી પ્રવીણભાઈ લોડાયા-૯૮૨૦૫૬૫૨૬૧



# યુવા મુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની માસિક અર્હમ સાધના આનંદપૂર્વક આગળ વધી રહી છે

યુવા મુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની ૧ મહિનાની અર્હમ સાધના આનંદપૂર્વક ચાલી રહી છે. દરરોજ સમગ્ર મુંબઈના ૮૦ સંઘોના આમંત્રિત વિશિષ્ટ ૪-૪ ચાર મહાનુભાવો પૂજ્યશ્રીની પીઠિકામાં સાથે બેસીને એક એક દિવસનો અતિ અદ્ભુત તક સવારના ૫.૩૦ થી ૯.૩૦ સુધી ચાર કલાક મેળવી રહ્યાં છે.

માનસિક, શારિરીક તથા આર્થિક વિટંબણાથી મુક્ત થવાય એ સંકલ્પ સાથે સાધના ચાલી રહી છે. જેમને ગુરુદેવની સાથે ૧ દિવસની પવિત્ર સાધના કરવાનો મોકો મળ્યો છે તેઓ ધન્ય ધન્ય થયા છે. સૌની અનુમોદના. સંપર્ક : મિહિરભાઈ-૭૯૭૭૫૭૮૮૫૯

# અંતિમ સમયે આવો સુયોગ સૌને સાંપડે એવી ભાવના ધરાવતી અદ્ભૂત ઘટના ધુલિયા સંઘમાં ઘટી

ખાનદેશ પ્રાંતમાં ધુલિયાનગર સંઘમાં શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘમાં રાષ્ટ્રસંત ભારત દિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના શિષ્ય રત્ન આગમ દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણા-૩ ચાતુર્માસે બિરાજમાન છે.



આ સંઘમાં વર્ષો સુધી ટ્રસ્ટી તરીકે સેવા આપનારા તથા પારોલા તીર્થ સંઘમાં પણ સક્રિય ટ્રસ્ટી તરીકે સેવા આપી રહેલાં કચ્છ સાંયરાના સુશ્રાવક ગોવિંદજીભાઈ સોનીના નાના બંધુ વિનોદભાઈ સોની છેલ્લા ત્રણ વર્ષથી બ્રેઈન ટ્યૂમરથી પીડિત હતા.

આ ચાતુમાર્સમાં શરૂઆતના દસેક દિવસ સુધી ભાઈઓના માટે પરમપૂજ્ય આચાર્ય ભગવંતના રાત્રિ સત્સંગમાં તેઓ નિયમિત રીતે સૌથી પહેલાં આવીને ઉત્સાહપૂર્વક જિનશાસનનું શ્રવણ કરતા હતા. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી તેમનું સ્વાસ્થ્ય ઉત્તરોત્તર નાજુક બનતું જતું હતું. ડોક્ટરો તથા વૈદ્યના ઉપચારો પણ છેલ્લે છેલ્લે નાઈલાજ થયાં હતા. તા.૧૧ સપ્ટેમ્બર શુક્રવાર બપોર પછી તેમની તબિયત વધુ નાજુક જણાતાં વડીલ બંધુ ગોવિંદજીભાઈ સોની પરમ પૂજ્ય આચાર્ય ભગવંતને વિનંતી કરીને પોતાના ઘરે લઈ ગયા હતા. ઉપાશ્રયથી લગભગ દોઢ કિલો મીટરના અંતરે આવેલા તેમના નિવાસ સ્થાને પ.પૂ.આચાર્યશ્રી પોતાના શિષ્ય મુનિશ્રી જ્ઞાન રત્નસાગરજી મ.સા સાથે પધાર્યા. આ સમયે દવાઓના કારણે મોટે ભાગે સતત ઘેન અવસ્થામાં રહેતા વિનોદભાઈ સદભાગ્યે પૂર્ણ સભાન અવસ્થામાં હતા.

પ.પૂ.આ.ભ.શ્રીએ તેમના મસ્તકે વાસક્ષેપપૂર્વક ૪૫ મિનિટ સુધી સતત હાથ રાખીને ખૂબજ ભાવપૂર્વક અંતિમ નિર્યામણા કરાવ્યા હતા. જેનું વિનોદભાઈ સોનીએ ખૂલ્લી આંખે ખૂબજ ભાવપૂર્વક શ્રધ્ધાથી સભાનતાથી શ્રવણ કર્યું હતું. વિનોદભાઈના ધર્મપત્ની હર્ષાબેન આદિ ઉપસ્થિત પરિવારજનોને પણ આચાર્ય ભગવંતે મહાસતી મદન રેખાના દૃષ્ટાંતપૂર્વક યથાયોગ્ય હિત શિક્ષા આપીને સૂર્યાસ્ત પહેલાં સાંજે ૬.૩૦ વાગે ઉપાશ્રયે પાછા પધાર્યા હતા અને થોડીવારમાં સાંજે ૬.૪૫ વાગે તેમને સમાચાર મળ્યા કે વિનોદભાઈએ ખૂબજ સમતા અને સમાધિપૂર્વક વિદાય લીધી છે.

આ વિરલ ઘટનાના સાક્ષી બનનારને આ ઘટના વિષે સાંભનાર સૌના મુખે એક જ પ્રકારના ઉદગારો નીકળતા હતા કે અંતિમ સમયે આવો સુંદર સદ્ગુરૂ યોગ અને અંતિમ નિર્યામણા અમને સૌને સાંપડજો.

## શ્રી ગુરૂ ગુણ ગુણોદય શ્રુત અભિયાન અંતર્ગત શ્રી અષ્ટોતરી તીર્થમાલા

પ.પૂ.સા.હર્ષનિધિશ્રીજી મ.સા.ની નિશ્રામાં શ્રી ગુરૂ ગુણ ગુણોદય શ્રુત અભિયાન અંતર્ગત શ્રી અષ્ટોતરી તીર્થમાલા આધારિત ૧૦ પેજનું પ્રશ્ન પત્ર અને નિયમાવલી બહાર પડાયેલી છે. શ્રી સકળ અચલગચ્છ સંઘના કોઈપણ ભાઈ બહેન આ પરીક્ષામાં ભાગ લઈ શકશે. આ પ્રશ્ન પત્ર ઉપર ઈનામ રાખવામાં આવેલ છે. પ્રથમ ઈનામ રૂ.૫૦૦૦/-, દ્વિતીય ઈનામ રૂ.૩૦૦૦/- અને તૃતીય ઈનામ રૂ.૨૦૦૦/- પ્રોત્સાહન ઈનામ પણ આપવામાં આવશે.

શ્રી શ્રુતજ્ઞાન અભિયાનના અનુમોદક પરિવાર ૧) શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ચાલીસગામ ૨) માતુશ્રી તારાબેન માણેકજી મોતા પરિવાર, કચ્છ-રાપરગઢવાળી ૩) માતુશ્રી શાંતાબેન ચંદુલાલ લોડાયા હસ્તે દીપ-તેજલ-હિતેન લોડાયા પરિવાર ગામ નાની ખાવડી-મુલુંડ ૪) ગુરૂ ભક્ત પરિવાર

આ પ્રશ્ન પત્રની પીડીએફ ફાઈલ હોટસ એપ પર મોકલવામાં આવશે. સંઘના આગેવાન ભાઈશ્રી કોઈને પ્રિન્ટ જોતી હશે તેની વ્યવસ્થા કરી આપે. પ્રશ્ન પત્ર પ્રારંભ તા.૧૬ સપ્ટેમ્બર બુધવાર. જવાબ પત્ર પરત કરવાનો અંતિમ દિવસ તા.૧૬ ઓક્ટોબર શુક્રવાર. જવાબ પત્ર મોકલવાના વોટસએપ નંબર ઈંદ્રિશભાઈ પોલડિયા-૭૫૮૮૬૪૭૯૦૩ અથવા ચંદ્રેશભાઈ લોડાયા-૯૪૨૨૭૭૯૭૨૧ અથવા પ્રશ્ન પત્ર કુરિયર દ્વારા મોકલવાનું સરનામું શ્રી કેડીઓ જૈન શ્વેતાંબર દેરાસર, સ્ટેશન રોડ, ચાલીસગામ-૪૨૪૧૦૧ જિ.જલગામ, મહારાષ્ટ્ર.

## ૩ કલાકની વિશિષ્ટ આરાધનામાં આઠ રાજ્યોના ૧૨૦૦ પરિવારોના ૪૧૩૬ શ્રાવકો જોડાયા

તા.૧૩ સપ્ટેમ્બર રવિવારના દિને પ.પૂ.ગુરૂદેવશ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની પ્રેરણા તથા પ.પૂ.મુનિશ્રી ગુણવલ્લભ સાગરજી મ.સા.ના માર્ગદર્શન અનુસાર ૩ કલાકની આરાધના બધાને મોકલી હતી. જેના પ્રતિસાદ રૂપે ૮ રાજ્યોમાંથી ૧૨૦૦ પરિવારોના ૪૧૩૬ શ્રાવક-શ્રાવિકાઓએ હર્ષોલ્લાસપૂર્વક આ આરાધનામાં જોડાયા અને સહભાગી થયા હતા. સૌ એ ઉત્કૃષ્ટ ભાવથી ગુરુ આજ્ઞાનું પાલન કરતાં પ્રભુ ભક્તિ કરી હતી. સૌ ગુરૂ ભક્તોની અનુમોદના.

## સંજીવની મેડિકલ સમિતિને જ્ઞાતિ પરિવાર દ્વારા અનુદાન અપાયું

સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની અણમોલ સંજીવની સહાયયોજના નાના, નબળાં જ્ઞાતિ પરિવારો માટે સંકટ સમયની સાંકળ જેવું અદ્ભૂત કાર્ય કરે છે. અને ટૂંકા ગાળામાં સંજીવની સહાય દ્વારા ઘણા જ્ઞાતિજનોએ સમયસર ઉત્તમ સારવાર અને ઈલાજ મેળવી સ્વસ્થ થયાં છે.

મેડિકલ સમિતિના આ સમાજપયોગી કાર્યની નોંધ લઈ તેમની પ્રવૃત્તિ હજુ વધુને વધુ પ્રગતિ પથ પર આગળ વધે એ ભાવનાથી ફૂલ પાંખડી રૂપે રૂ. ૧૧ હજારની અનુદાન રાશિ શેઠશ્રી રતનશી કુંવરજી લોડાયા સંઘમાતા માતુશ્રી દમયંતી રતનશી લોડાયા તથા શેઠશ્રી મણિકાંત રતનશી લોડાયા કચ્છ સાંયરા વાળા હસ્તે મનિષા કમલેશ મોતા સુથરી ઔરંગાબાદ. દાતા પરિવારની ઉદાત ભાવનાની અનુમોદના.



# અનંત પેથોલોજી લેબ મુલુંડમાં કેડીઓ માટે ઓપીડી સેવા શરૂ

શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ સાથે શેઠશ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ સંચાલિત અનંત પેથોલોજી લેબ મુલુંડમાં તા.૧ સપ્ટેમ્બરથી કેડીઓ માટે ઓપીડી સેવા શરૂ કરાઈ છે. ફિઝીશિયન અને ચેસ્ટ સ્પેશ્યિલિસ્ટ ડૉ. સપના ચવાણ આ ડીપાર્ટમેન્ટમાં કન્સલસ્ટીંગ આપશે.

જનરલ મેડિસીનના કેસો સોમ, બુધ, શુક્ર સાંજે ૬ થી ૭. કેડીઓ જ્ઞાતિજનો માટે રૂા.૨૫૦ના રાહત દરે તથા ચેસ્ટ મેડિસીન માટે સોમ, બુધ, શુક્ર સાંજે ૭ થી ૮ દરમ્યાન જેના કેડીઓ માટે રૂા.૩૫૦/- રાહત દરે ચાર્જ છે. તા.૧૫ સપ્ટેમ્બર સુધી પ્રથમ કન્સેલટેશનમાં રૂા.૨૦/- ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું હતું.

ઓનલાઈન ફીવર ઓપીડી દરરોજ સાંજે ૬ થી ૮ દરમ્યાન સેવા આપે છે. દરેક અપોઈન્ટમેન્ટ અગાઉથી બુકીંગ રજિસ્ટ્રેશન કરવા સંપર્ક ફોન : ૦૨૨-૨૫૬૪૦૯૮૭-૮૮૭૯૯૯૦૯૮૭

# ભાંડુપ સંઘમાં પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ના આત્મશ્રેયાર્થે પૂજા સહઅભિષેક કરાયા



શ્રી કે.ડી.ઓ. જૈન ભાંડુપ સંઘમાં સાહિત્ય દિવાકર ગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની પ્રેરણાથી પ.પૂ.સાધ્વીશ્રી જ્ઞાનગુણાશ્રીજી મ.સા.ના પાવનકારી નિશ્રામાં પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ના આત્મશ્રેયાર્થે તા.૯ સપ્ટેમ્બર બુધવાર રોજ સ્નાત્ર પૂજા એવંમ વર્ધમાન શક્રસ્તવ દ્વારા અખંડ ધારા અભિષેકની ધર્મ આરાધના કરાઈ હતી.


|| શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ||

## શ્રી સુથરી જૈન સંઘ

**સુજ્ઞ ગામવાસીઓ, નિયાણીઓ તથા અબડાસાના આરાધકો, પ્રણામ,**
**દાદાના દરબારેથી..... સાદર નિમંત્રણ...**

**નવપદની શાશ્વતી ઓળી કરવા શ્રી સુથરી મહાતીર્થે પધારવાનું.....**

**કર્મોની હોળી કરી દે...આત્મ ગુણોની રંગોળી પુરી દે...એનું નામ આયંબિલની ઓળી**

અનંત ઉપકારી શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાની અવિરત કૃપા જ્યાં વહી રહી છે એવા આપણા શ્રી સુથરી તીર્થે ચાતુર્માસ દરમ્યાન તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ શ્રી પ.પૂ. આ. ભ.શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.ની અસીમ કૃપાએ પ.પૂ. મુનિરાજ શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા.ના શિષ્ય ૨૮ વર્ષથી વરસી તપ આરાધક મુનિરાજ શ્રી હિતવર્ધન સાગરજી મ.સા.ની તથા પ.પૂ.સાધ્વી શ્રી. મહાયશા શ્રી મ.સા.ની નિશ્રામાં પર્વાધિરાજ પર્યુષણ પર્વની ઉલ્લાસપૂર્વક ઉજવણી થઇ. પર્યુષણ પર્વની શાનદાર ઉજવણી ક્યાં બાદ આપ સૌને સુથરી તીર્થે પૂજ્યશ્રી ની નિશ્રામાં નવપદની ઓળી કરવા સાદર નિમંત્રણ.

**છોડો ખાવાની લપ, કરો આયંબિલ તપ, ખાવું શું ને પીવું શું, આયંબિલ કરવામાં.. દેવું શું..**

શ્રીપાળ - મયણા સુંદરીનો રાસ જે મૂળભૂત સંસ્કૃત / માગ્ધી ભાષામાં લખાયેલ છે તેનો ગુજરાતીમાં અનુવાદ સવંત ૧૭૫૧માં શ્રી સુથરી તીર્થમાં કરાયાનો ઉલ્લેખ શ્રી વિમલકુમાર ધામીએ તેમના પુસ્તકમાં કરેલ છે.
એવા શ્રી સુથરી તીર્થે નવપદની આયંબિલ ઓળી કરવા ઇચ્છુક આપ સૌને તા.૨૧.૧૦.૨૦૨૦ સુધી પહોંચવા આગ્રહભરી વિનંતી.આપના નામો વહેલો તે પહેલાના ધોરણે સુથરી સ્થાનકે સંપર્ક કરી લખાવી દેશો.

**કાર્યાલય : ૦૨૮૩૧ ૨૮૪૨૨૩ • જીગ્નેશ છેડા: ૯૭૨૬૨૧૩૮૨૭ • ખુશાલ છેડા : ૮૦૯૭૬૭૯૦૦૬**

**લિ. શ્રી સુથરી જૈન સંઘ, ટ્રસ્ટીગણ**

**વર્તમાન પરિસ્થિતિમાં સરકારશ્રીના આદેશાનુસાર નિયમોનું પાલન કરવાનું રહેશે**

# ભાવભીની શ્રદ્ધાંજલિ


ભરત માણેકજી મોમાયા
તા.૮ સપ્ટે. (ઉ.૬૯)
વરાડીયા-સાંગલી


કિર્તીકુમાર માણેકજી લોડાયા
તા.૧૧ સપ્ટે. (ઉ.૬૦)
સાંયરા-કોચીન


લક્ષ્મીચંદ રતનશી ખોના
તા.૧૨ સપ્ટે. (ઉ.૮૮)
સુથરી-વિલેપાર્લે (ઈ.)


વિનોદ મુણશી સોની
તા.૧૧ સપ્ટે. (ઉ.૫૫)
સાંયરા-ધુલીયા


મણીબેન પ્રફૂલ મોતા
૧૪ સપ્ટે. (ઉ.૬૧)
સાંધવ-ઘાટકોપર (વે.)


સુમનલાલ શામજી વીકમશી
તા.૧૪ સપ્ટે. (ઉ.૭૯)
પરજાઉ-ઈંદોર


ચંપાબાઈ ચંદુલાલ લોડાયા
તા.૧૪ સપ્ટે. (ઉ.૮૧)
સુથરી, ડોંબિવલી


અનિલ ચંદ્રકાંત લોડાયા
(ઉ.૪૭)
સુથરી, આદિપુર


ચિત્રાબેન મહેશ દંડ
તા.૧૮ સપ્ટે. (ઉ.૫૫)
પરજાઉ, વડોદરા


દિનેશ પદમશી લોડાયા
તા.૦૬ સપ્ટે. (ઉ.૭૧)
સાયરા, મુલુંડ


હરીશ ચત્રભોજ નાગડા
તા.૧૮ સપ્ટે. (ઉ.૬૪)
કોઠારા, ગઢશીશા


જયશ્રીબેન ગુણવંત માલદે
તા.૦૯ સપ્ટે. (ઉ.૫૯)
દલતુંગી, ડોંબિવલી


જેઠાલાલ ભાણજી દંડ
તા.૧૫ સપ્ટે. (ઉ.૮૦)
સાંધવ, ડોંબિવલી


જીતેન્દ્ર ચીમનલાલ ધરમશી
(ઉ.૬૫)
મંજલ રેલડીયા, ડોંબિવલી


કિશોરભાઈ રતનશી જીવાણી
(ઉ.૭૦)
જખૌ, વાપી


મણીબેન પ્રફુલ્લ મોતા
તા.૧૪ સપ્ટે. (ઉ.૬૨)
સાંધવ, ઘાટકોપર

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**તીલોકચંદ નરશી દંડ**
તા.૧૭ સપ્ટે. (ઉ.૭૬)
વરાડીયા, મલકાપુર



**નિર્મલા મુકેશ મોમાયા**
તા.૦૫ સપ્ટે. (ઉ.૫૩)
વરાડીયા, લોનાવલા



**પ્રભાવતી પાસુભાઈ નાગડા**
તા.૧૬ સપ્ટે. (ઉ.૭૫)
રંગપુર, ગોરેગાંવ



**પુષ્પાબેન ડુંગરશી લાલકા**
તા.૧૨ સપ્ટે.
લાલા, વરલી



**રાયચંદ રતનશી નાગડા**
તા.૦૫ સપ્ટે. (ઉ.૭૮)
નલીયા, પુના



**લક્ષ્મીચંદ કુવરજી શીયાળ**
તા.૧૫ સપ્ટે. (ઉ.૮૦)
જખૌ, મુલુંડ



**હંસાબેન અરવિંદ ધુલ્લા**
તા.૦૬ સપ્ટે. (ઉ.૮૧)
કોઠારા, ઘાટકોપર



**હિના ગીરીશ ખોના**
તા.૦૫ સપ્ટે. (ઉ.૬૩)
સાંધવ, ઘાટકોપર



**મણીકાંત કુલીનકાંત લોડાયા**
તા.૧૫ સપ્ટે. (ઉ.૬૬)
નલીયા, વડોદરા



**વિજય ભવાનજી ખોના**
તા.૧૩ સપ્ટે. (ઉ.૫૪)
મોટી ખાવડી, જામનગર



**સુશીલા તારાચંદ શીયાળ**
તા.૧૮ સપ્ટે. (ઉ.૬૩)
જખૌ, માલેગાંવ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે**

**પરમ પ્રભુ પરમાત્મા સદ્‌ગતની આત્માને ચિરશાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના**




● રશિયા ખાતે યોજાયેલા ૩૫મા ફોટોગ્રાફી વાઈલ્ડ લાઈફ સ્પર્ધામાં ૧૭૩ દેશોના ૧,૧૭,૫૦૦ સભ્યની ૪,૧૮,૮૦૦ તસ્વીરમાંથી ટોપ ૧૫ મા નખત્રાણાના પાર્થ કંસારાની ફોસિલ પાર્ક પાસે લીધેલા શિયાળના ફોટાએ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખ્યાતિ અપાવી છે. આ ફોટોગ્રાફ એન.એલ.સી.કેલેન્ડરમાં પણ પ્રસિધ્ધ થયો છે.

● કોરોના વાયરસને કારણે ઉદભવેલી પરિસ્થિતિમાં પૂના કચ્છી જૈન સમાજ, અચલગચ્છ પૂના અને પી.વાય. સી.ગ્રુપ આ ત્રણે કચ્છી જૈન સંસ્થાઓ સંયુક્ત મળીને સાધર્મિક ફરજ બજાવતાં આગળ આવી પોલીસ વિભાગના માર્ગદર્શન હેઠળ વિવિધ વિસ્તારમાં બપોરે ભોજનના ૮૦૦ જેટલા પેકેટનું વિતરણ કર્યા હતા. ઘણી વખત લશ્કરના જવાનોની માગ મુજબ ભોજન આપવામાં આવ્યા હતા. પોલીસ સેવકોને પાણીના ગ્લાસ, પાણી બોટલ, વતન જતાં મજૂરોને લંચ પેકેટ અપાઈ હતી. આ ઉપરાંત વિવિધ જરૂરતમંદ સમુદાયોને રાશન કિટ, માસ્કનું વિતરણ કરવામાં આવ્યું. હોમયોપેથી દવા સમાજના સભ્યોને તથા કોલ્હાપુર, સાંગલી, સાતારા, નાશિક, સોલાપુર સમાજને પણ આપવામાં આવી.

● લોકડાઉન દરમ્યાન ડાયમંડ સિટી સુરત ખાતે કચ્છ વાગડના પલાંસવા ગામના દાતા અશોકભાઈ મણિયારે મિત્ર અને સુરતના ડેપ્યુટી મેયર નીરવભાઈ શાહ સાથે મળીને દરરોજ દસ હજાર લોકોને ભોજન પૂરું પાડી જઠરાગ્નિ ઠારવાનો સેવાયજ્ઞ આરંભી માનવતાની મહેંક પ્રસરાવી. સમાજપ્રેમી અને કચ્છ વાગડ સાત ચોવીસી સમાજના પ્રમુખ તથા દાનવીર અશોકભાઈ વેલજી મણિયારે રોજનું કમાઈ પેટિયું ભરતા શ્રમિકોને, ગરીબ પરિવારોને ભોજન તથા અબોલ પ્રાણીઓને ફ્રુટ, શાકભાજી, દૂધ, બિસ્કીટ ખવડાવી સંપ્રતિ જીવમૈત્રી સેવાયજ્ઞ ચલાવ્યો.

● માંડવીના જીમખાના વોલીબોલ પ્લેયર ગ્રુપના ૩૫ સભ્યો અને અન્ય ૨૫ સહયોગીઓ મળી ૬૦ જેટલા યુવાનો રમતગમત સાથે જીવદયાની પ્રવૃત્તિ છેલ્લા ૧૦ રવિવારથી વિવિધ ગામોમાં ચલાવે છે. આ યુવાનો વિવિધ ગામોમાં જઈ ચારો ગાડીઓમાં લઈ સ્વ હસ્તે નિરણ કરે છે. માંડવીની નદીના ભાગમાં હનુમાનજી મંદિર પાસે, માંડવી પાંજરાપોળ, ભુજપુર, પદમપુર, કોકલિયા, દેઢિયા, ચાંગડાઈ, બાડા, નાની ઉનડોઠ, મોટી ઉનડોઠ, નાગ્રેચા, નાના રતડિયા, નાની ભાડઈ, ધોકડા, મોટી ભાડઈ, હમલા-મંજલ, મકડા, પોલડિયા, રાતા તળાવ પાંજરાપોળ, રત્નાપર, મઉં, નરેડી, હાલાપર, કરોડિયા, કોટાય વિગેરે ગામોને આવરી લેવાયા છે.

● કચ્છી સાહિત્ય મંડળ અંતર્ગત લોકડાઉન અને સોશ્યિલ ડિસ્ટન્સિંગને ધ્યાનમાં રાખી નેટના માધ્યમથી પ્રથમ વખત ઓનલાઈન કચ્છી મુશાયરો યોજાયો હતો. આનું આયોજન ગૌરવ પુરસ્કાર વિજેતાત અને કચ્છી સાહિત્ય મંડળના પ્રમુખ લાલજી મેવાડાએ કર્યું હતું. કચ્છ-ગુજરાત મુંબઈના સર્જકો અને ભાવકો હોંશભેર કાર્યક્રમ માણ્યો હતો.

● મૂળ અબડાસાના મોટી વરંડી ગામના છેલ્લા ૨૭ વર્ષથી પોલીસ ખાતામાં ફરજ બજાવતાં ધનજીભાઈ મહેશ્વરી અને તેમની ૨૨ વર્ષીય પુત્રી ડૉ. શિવાની મહેશ્વરી બી.જે.મેડિકલ કોલેજમાંથી જાન્યુ.૨૦૨૦માં એમ. બી.બી.એસ.ની પરીક્ષા ફર્સ્ટ ક્લાસ પાસ કરી ને ઈન્ટરર્નશિપ સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં કોવિડ-૧૯ વોર્ડમાં સેવા બજાવી રહી છે. ધનજીભાઈ કચ્છ કલેક્ટરના બંગલે સુરક્ષા ગાર્ડમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવી રહ્યાં છે. આમ પિતા-પુત્રીની જોડી કોરોના વોરિયર્સ તરીકે કપરા કાળમાં દેશ પ્રત્યે ફરજ નિષ્ઠા બજાવી રહી છે.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO